**– નમુનોઃ અ –**

| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૩/૦૧/૨૦૨૨ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૧૩/૦૧/૨૦૨૨ |
| ફેંસલ તારીખ | ૦૨/૦૭/૨૦૨૬ |

| | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| સમયગાળો | ૦૪ | ૦૫ | ૧૯ |

---

**વિરમગામનાં મહે. એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની અદાલતમાં,**
**મુ.વિરમગામ, જી.અમદાવાદ.**

---

**ફોજદારી કેસ નં.૫૬/૨૦૨૨**

**આંક–૬૮**

| **ગુનાની વિગત** | |
|---|---|
| ગુનાની કલમ | એન.ડી.પી.એસ. એકટ ૧૯૮૫ની કલમ–૮(સી), ૨૦(બી) મુજબ |
| પ્રથમ માહીતી અહેવાલ નં. | ૧૧૧૯૨૦૬૧૨૧૦૭૬૦ |
| પોલીસ સ્ટેશનઃ | વિરમગામ ટાઉન પોલીસ સ્ટેશન |
| ફરીયાદપક્ષઃ | શ્રી સરકાર |
| ફરીયાદપક્ષ તરફેઃ | વિ.એ.પી.પી.શ્રી એમ.એ.ધાસુરા |

| | |
|---|---|
| આરોપીઃ | **(૧) સલીમભાઇ ઉર્ફે કાળુ અકબરભાઇ ઉર્ફે બાબરી સિપાઇ**<br>રહે. વિરમગામ, સુથારવાડા રૈયાપુર રોડ, તા.વિરમગામ, જી.અમદાવાદ |
| આરોપી તરફેઃ | વિ.વ.શ્રી કે.આર. પંડયા |

**– નમુનોઃ બ –**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૦/૧૧/૨૦૨૧ |
| પ્રથમ માહીતી અહેવાલ ની તારીખ | ૧૦/૧૧/૨૦૨૧ |
| ચાર્જશીટની તારીખ | ૧૩/૦૧/૨૦૨૨ |
| તહોમતનામુ/ પ્લી ફરમાવ્યાની તારીખ | ૧૭/૦૧/૨૦૨૩ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | ૨૯/૦૩/૨૦૨૩ |
| ચૂકાદો મુલતવી રાખ્યાની તારીખ | ૦૨/૦૬/૨૦૨૬ |
| ચૂકાદાની તારીખ | ૦૨/૦૬/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ | –– |

**આરોપીની વિગતઃ**

| ક્રમ | આરોપી નુ નામ | ઘરપકડ ની તારીખ | જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની તારીખ | ક્યાં ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યો કે કસુરવાર | શું સજા કરી? | સુનાવણી દરમિયાન અટકાયત નો સમયગાળો ફોજદારી કાર્યરીતિ સંહીતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **સલીમભાઇ ઉર્ફે કાળુ અકબરભાઇ ઉર્ફે બાબરી સિપાઇ** | ૧૧/૧૧/૨૦૨૧ | ૧૨/૧૧/૨૧ | એન.ડી.પી.એસ. એકટ ૧૯૮૫ની કલમ–૮(સી), ૨૦(બી) મુજબ | નિર્દોષ | – | – |

**<u>– નમુનોઃ ક –</u>**

**<u>– સાહેદોનુ લિસ્ટ –</u>**

**<u>અ. ફરીયાદપક્ષ તરફે સાહેદોઃ</u>**

| ક્રમ. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૦૭ | રાજુજી જામાજી ઠાકોર | ફરીયાદી |
| ૨ | ૧૧ | મુસ્તુફાભાઇ અહેમદભાઇ તલાટ | પંચસાહેદ |
| ૩ | ૧૮ | અબ્દુલહમીદ અમીરભાઇ કુરેશી | પંચસાહેદ |

| | | | |
|---|---|---|---|
| ૪ | ૨૫ | દિગ્વીજયસિંહ દાદુભા ઝાલા | સાહેદ |
| ૫ | ૨૬ | ફૈજાન એૈયુબભાઇ ઘાંચી | સાહેદ |
| ૬ | ૨૭ | હમીદાબેન નઝીરહુસૈન બુખારી | સાહેદ |
| ૭ | ૨૮ | અલ્ફીનાબેન યાસીનભાઇ તાઈ | સાહેદ |
| ૮ | ૨૯ | અનિલકુમાર જગજીવનદાસ સોની(પટણી) | સાહેદ |
| ૯ | ૩૪ | મેહેરૂનીશાબેન યુસુફભાઇ વેપારી | સાહેદ |
| ૧૦ | ૩૯ | ઋષીતસિંહ ગોવિદંસિંહ રાઠોડ | ત.ક.અ. |
| ૧૧ | ૫૧ | જગદીશકુમાર મણીલાલ પટેલ | ત.ક.અ. |

**<u>– :: દસ્તાવેજી પુરાવાનુ લિસ્ટ ::–</u>**

**<u>બ. ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજ</u>**

| ક્રમ. | આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | ૦૮ | ફરીયાદ |
| ૨ | ૧૨ | પંચનામાની નકલ |
| ૩ | ૧૩ | મુદ્દામાલ કબજે કર્યાની પાવતી |
| ૪ | ૧૪ | મુદ્દામાલ કબજે કર્યાની પાવતી |
| ૫ | ૧૫ | આર્ટીકલ નં. ૨ માર્ક એ/૧ વાળી કાપલી |
| ૬ | ૧૬ | આર્ટીકલ નં. ૩ માર્ક એ/૨ વાળી કાપલી |
| ૭ | ૧૭ | આર્ટીકલ નં. ૫ વાળી કાપલી |
| ૮ | ૩૦ | વજન કાંટાથી વજન કરેલાનું પ્રમાણપત્ર |
| ૯ | ૪૦ | નગરપાલીકાના ચીફ ઓફીસરને સરકારી પંચો ફાળવવા યાદી. |
| ૧૦ | ૪૧ | પોલીસ અધિક્ષક સાહેબને કરવા માટે એક ગુપ્ત યાદી |
| ૧૧ | ૪૨ | ઘરની જડપી કરવાનો ઠરાવ |

| | | |
|---|---|---|
| ૧૨ | ૪૩ | આરોપીને આપેલ નોટીસ |
| ૧૩ | ૪૪ | સમજપત્ર |
| ૧૪ | ૪૫ | એફ.ટી.પી. |
| ૧૫ | ૪૬ | ડીજીટલ કાટાં માટે કરેલ યાદી |
| ૧૬ | ૪૭ | શંકાસ્પદ વનસ્પતિ જન્ય કેફી પદાર્થની તપાસણી કરવા પધારવા બાબત |
| ૧૭ | ૪૮ | સિઝર મેમો |
| ૧૮ | ૫૨ | સુચીપત્રક |
| ૧૯ | ૫૩ | સ્થળ પરીક્ષણનો અહેવાલ |
| ૨૦ | ૫૪ | રવાનગીપત્ર |
| ૨૧ | ૫ | એફ.એસ.એલ.ને આપવામાં આવેલ પહોંચ |
| ૨૨ | ૫૬ | ફોરવડીંગ લેટર |
| ૨૩ | ૫૭ | પરીક્ષણ અહેવાલ |
| ૨૪ | ૫૮ | આરોપીના એકાઉન્ટ નંબરની માહીતી માટેનો પત્ર |
| ૨૫ | ૫૯ | આરોપીના બેંક એકાઉન્ટની માહીતી |
| ૨૬ | ૬૦ | આરોપીના મીલકતની માહીતીનો પત્ર |
| ૨૭ | ૬૧ | આરોપીના મીલકતની માહીતીનો પત્ર |
| ૨૮ | ૬૨ | ફોરવડીંગ લેટર |
| ૨૯ | ૬૩ | આરોપીની મીલકતની માહીતી બાબતનો લેટર |

## JUDGMENT

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તારીખ. તા.૧૦/૧૧/૨૦૨૧ ના કલાક ૨૩/૩૦ વાગે મોજે વિરમગામ સુથારવાડા રૈયાપુર રોડ ખાતે આ કામના આરોપી સલીમભાઇ ઉર્ફે કાળુ અકબરભાઇ ઉર્ફે બાબરી સિપાઇ ઉ.વ–૩૭મજુરી રહે– રૈયાપુર રોડ સુથારવાડા વિરમગામ

તા–વિરમગામ જી–અમદાવાદ ઉપરોક્ત તા.ટા જગ્યાએ ગે.કા. રીતે વગર પાસ પરમીટે પોતાના કબજા ભોગવટાના રહેણાંક મકાનમાં વનસ્પતિ જન્ય માદક પદાર્થ ગાંજો ૩૪૦ ગ્રામ કિં. રૂા.૩૪૦૦/– રોકડા રૂા.૮૨૦૦/– તથા વીવો કંપનીનો એન્ડ્રોઇડ મોબાઇલ કિ. રૂા.૧૦,૦૦૦/– મળી કુલ કિં. રૂા.૨૧,૬૦૦/– ના મુદ્ધામાલ સાથે પકડાઇ જઇ ગુનો કરી NDPS એક્ટ ૧૯૮૫ની કલમ–૮(સી), ૨૦ (બી) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. તે મતલબની ફરીયાદ આ કામના ફરીયાદીએ વીરમગામ ટાઉન પો. સ્ટે. ગુના રજી. નં. ૧૧૧૯૨૦૬૧૨૧૦૭૬૦/૨૦૨૧ થી નોંધાવેલ છે. અને આ ફરીયાદના અનુસંધાને તપાસ કરનાર અમલદારે સદરહું ગુનાની તપાસ હાથ ધરી, આરોપીઓ વિરુધ્ધ પુરાવો મળી આવતા, તેની સામે ચાર્જશીટ કરેલ છે.

(૨) આરોપી સામે ચાર્જશીટ રજુ થતાં આરોપી સામે ઉપરોક્ત ગુન્હાનુ સંજ્ઞાન લઇ આરોપીઓને સમન્સ કાઢવામા આવેલ, પ્રોસેસ આધારે આરોપી અદાલતમાં ઉપસ્થિત થતાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબના ચાર્જશીટ પેપર્સની નકલો વિનામૂલ્યે આરોપી ને આપવામાં આવેલ તથા તે અંગે ખાત્રી કરવામા આવેલ. ત્યારબાદ આંક– થી તહોમતનામુ તથા આરોપીની પ્લી આંક–૦૫ થી રેકર્ડ કરવામાં આવેલ. જેમાં આરોપી એ ગુન્હો કબુલ હોવાનો ઈન્કાર કરેલ છે.

(૩) સદર કામે ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં ઉપરોક્ત જણાવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

(૪) આ કામે ફરીયાદપક્ષ તરફે એ.પી.પી.શ્રીનાઓએ વધુ સાહેદો તપાસવાની જરુરીયાત ન હોય તેવુ મૌખિક રજુઆત કરી જણાવતાં, ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામા આવેલ છે. ફરીયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબ આરોપી નુ વિશેષ નિવેદન નોંધવામા આવેલ છે અને તેમા તેઓ નિર્દોષ છે, તેઓની સામે ખોટો કેસ કરવામાં આવેલ છે તેમ જણાવે છે.

(૫) ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વ.શ્રી ની દલીલો સાંભળવામાં આવેલ છે.

ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી ની દલીલો મુજબ આ કામે પોલીસ સાહેદો ફરીયાદપક્ષને સમર્થન આપે છે, પંચ સાહેદો પણ અંશત: સમર્થન્ આપે છે.સ્વતંત્ર સાહેદ ધ્વારા મુદદામાલ પકડાયેલ તે મકાનમાં આરોપી ભાડે રહેતા હતા તે હકીકતને સમર્થન્ મળે છે. ફરયાદપક્ષ આરોપીના કબ્જાના મકાનમાથી મુદદામાલ ગાંજો પકડાયેલ હોવાની હકીકત નિશંકપણે સાબીત કરવામાં સફળરહેલ હોય આરોપીને મહત્તમ સજા કરવા અરજ કરેલ છે.

બચાવપક્ષે દલીલ મુજબ પોલીસ સાહેદોની જુબાનીમાં મુદદામાલ પકડાયા અંગે વિરોધાભાસ જણાય છે. જે ફીઝમાથી મુદદામાલ પકડાયેલ તેના બીલ કે કોઇ આધાર રજે કરેલ નથી. પંચોનું સમર્થન ફરીયાદપક્ષને મળતું નથી. સ્વતંત્ર સાહેદોનું સમર્થન ફરીયાદપક્ષને મળતું નથી. કાયદાની મેન્ડેટરી જોગવાઇનો ભંગ કરીને મુદદામાલ પકડેલ છે. ફરીયાદપક્ષ પોતાનો કેસ નિશંકપણે સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ છે જેથી આરોપીને છોડી મુકવા અરજ કરેલ છે.

**(૬)** ઉપરોકત હકીકતે તથા પડેલ પુરાવા ધ્યાને લેતા આ કેસના નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**-- મુદ્દાઓ--**

(૧) શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે આ કામના આરોપીએ તા.૧૦/૧૧/૨૦૨૧ ના કલાક ૨૩/૩૦ વાગે મોજે વિરમગામ સુથારવાડા રૈયાપુર રોડ ખાતે આ કામના આરોપી સલીમભાઇ ઉર્ફે કાળુ અકબરભાઇ ઉર્ફે બાબરી સિપાઇ ઉ.વ-૩૭મજુરી રહે- રૈયાપુર રોડ સુથારવાડા વિરમગામ તા-વિરમગામ જી-અમદાવાદ ઉપરોક્ત તા.ટા જગ્યાએ ગે.કા. રીતે વગર પાસ પરમીટે પોતાના કબજા ભોગવટાના રહેણાંક મકાનમાં વનસ્પતિ જન્ય માદક પદાર્થ ગાંજો ૩૪૦ ગ્રામ કિં. રૂા.૩૪૦૦/- ના મુદ્ધામાલ સાથે પકડાઇ જઇ ગુનો કરી NDPS એક્ટ ૧૯૮૫ની કલમ-૮(સી), ૨૦ (બી) મુજબનો ગુનો કરેલ છે?

(૨) શુ હુકમ?

**(૭)** ઉપરોક્ત મુદ્ધા અંગે આ કોર્ટનો ન્યાયીક નિર્ણય નીચે મુજબ છેઃ-

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

ઉપરોક્ત નિર્ણય પરત્વેના કોર્ટના કારણો નીચે મુજબ છે.

**:: કારણો ::**

**મુદ્દા નં.–૧**

(૮) હવે પુરાવાના કાયદા અનુસાર તહોમત પુરવાર કરવાનો ભાર ફરીયાદપક્ષ ઉપર રહેલ છે. જેથી ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ શંકારહીત પુરવાર કરવાનો રહે છે. આમ કેસ પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ પર રહેલો છે.જેથી ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધના તહોમત પુરવાર કરી શકે છે કે કેમ? તે માટે ફરીયાદપક્ષના પુરાવાનુ મુલ્યાંકન નીચે મુજબ કરેલ છે.

**ફરીયાદ પક્ષના પુરાવા તથા પ્રસ્થાપીત કાયદાની ચર્ચા**

(૯) આ કામે ફરીયાદપક્ષનો ઉપરોકત પુરાવો ધ્યાને લેતાં ફરીયાદી આંક ૭ વાળા તેમની જુબાનીમાં ફરીયાદપક્ષને સમર્થન આપે છે અને જણાવેલ છે કે આરોપીના મકાન આગળ જઇ દરવાજો ખોલતા ત્યાં આરોપી ઉભેલ હતો તેણે પંચો રુબરુ પોતાનુ નામ જણાવેલ જેથી પી.આઇ. શ્રીએ તેમને ઘરની ઝડતી તપાસ પંચો રુબરુ કરવાની છે અને વધુમાં પુછેલ કે તેઓ સિવાય બીજા કોઇ સરકારી ખાતાના ગેઝેટેડ અમલદાર કે મેજીસ્ટ્રેટ રુબરુ ઘરની તપાસ કરાવા માંગે છે તેવી સમજ કરતાં આરોપીએ પી.આઇ.ને ઝડતી તપાસ કરવાનુ કહેલ જેથી પી.આઇ.શ્રીએ કાયદા કલમ ૪૨ તથા ૫૦(૧) મુજબ ઠરાવ કરી ઝડતી ચાલુ કરેલ. વધુમાં જણાવે છે કે ઘરના પ્રથમ ઓરડામાં બે દીવાલો ઉપર વાસણો ગોઠવેલા હતા અને એક પછી એક વાસણો જોતાં પશ્ચીમ તરફની દીવાલમાંથી માદક પદાર્થ મળી આવેલ . જે વનસ્પતીજન્ય હતો . મકાનની બીજી ઓરડીમાં બીજા રેડીંગ પાર્ટીના સભ્યો એ તપાસવાનુ ચાલુ કરતાં તેમાંથી પણ વનસ્પતીજન્ય માદક પદાર્થ મળી આવેલ . વધુમાં ઓરડીમાં કબાટ, ઘોડા, ગોદળા બધું એક કરતાં હતા ત્યારે ફ્રીજના બોકસમાંથી બાર કે ચૌદ પારદર્શક કોથળીઓ મળી આવેલ જેમા વનસ્પતીજન્ય લીલાશ પડતો માદક પદાર્થ મળી આવેલ અને બીજો પણ પ્લાસ્ટીકની કોથળીઓમાંથી માદક પદાર્થની ૧૬ કોથળીઓ મળી આવેલ . જેનું જુબાનીમાં જણાવેલ વિગતે શીલ કરી વજન કરતાં ૩૪૦ ગ્રામ વજન થયેલ .

ફરીયાદીની જુબાનીની ઉપરોકત હકીકતોને સંદર્ભે રેડીંગ પાર્ટીના સભ્ય

સાહેદ આંક –૨૫ ની જુબાની ધ્યાને લેતા તેમનાં જણાવ્યા મુજબ ઘરની અંદર પ્રવેશ્યા બાદ પ્રથમ ઓરડામાં ચેક કરતાં કંઇ મળી આવેલ નહી અને બીજા ઓરડામાં જતાં એલ.જી. કંપનીનુ ૧૯૪ લીટરનું ફ્રીજ હતુ જે ખોલીને જોતાં ફ્રીજના નીચેના ભાગમાં શાકભાજી મુકવાના ખાનામાં બે પ્લાસ્ટીકની મોટી કોથળીઓ અને તેમાંથી ૧ કોથળીમાં ૧૪ નાની કોથળીઓ પ્લાસ્ટીકની હતી જેમા લીલા કલરનો પદાર્થ મળી આવેલો. કુલ ૧૬ પ્લાસ્ટીકની કોથળીઓમાં લીલા કલરનો પદાર્થ મળી આવેલો. ફરીયાદી તથા આંક ૨૫ ના સાહેદની ઉપરોકત જુબાનીની હકીકતો સાથે ત.ક.અ.શ્રી આંક૩૯ ની જુબાની ધ્યાને લેતા તેમના જણાવ્યા મુજબ મકાનની અંદર પ્રવેશ કરેલ અને પશ્ચીમ દીશામાં વાસણ મુકવાનો સ્ટીલનો ઘોડો હતો જે તપાસ કરતાં તેમાં કોઇ વાંધાજનક વસ્તુ મળી આવેલ નહી. ત્યારબાદ મુખ્ય હોલમાં લાકડાના કબાટ તથા શેટી પલંગમાં તપાસ કરતાં તેમાં પણ કોઈ વાંધાજનક વસ્તુ મળી આવેલ નહી. વધુમાં આ હોલમાં એક એલ.જી. કંપનીનું ફ્રીજ હોય તેમાં તપાસતા નીચેની બાજુ એક વેજીટેબલ બોકસ રાખેલ હોય જેની અંદર એક પ્લાસ્ટીકની થેલી મળી આવેલ. જેની અંદર બે અલગ અલગ પ્લાસ્ટીકની થેલી રાખેલ. જેને બહાર કાઢી ચેક કરતાં તેમાંથી એકની અંદર ૧૬ લીલા કલરના પદાર્થ ભરેલી પ્લાસ્ટીકની થેલી મળી આવેલ તથા બીજી થેલીમાં ૧૪ લીલા કલરની વનસ્પતી ભરેલ પ્લાસ્ટીકની થેલી મળી આવેલ.

આમ, ફરીયાદપક્ષના ઉપરોકત રેડીંગ પાર્ટીના પી.આઇ.શ્રી તેમજ ફરીયાદી સહીતનાં સભ્યોની જુબાની ધ્યાને લેતાં, ફરીયાદી આંક–૭ તથા સાહેદ આંક ૨૫ તથા ત.ક.અ.શ્રી આંક –૩૯ ની જુબાનીમાં મકાનની અંદર પ્રવેશ કર્યા બાદ વાંધાજનક લીલી વનસ્પતીજન્ય મુદામાલ મળી આવવાની મકાનની અંદરની જગ્યા બાબત મહત્વનો વિરોધાભાસ જણાઇ આવે છે. ફરીયાદીના જણાવ્યા મુજબ મકાનની પ્રથમ ઓરડીના પશ્ચીમ દીવાલના વાસણોમાંથી, બીજી ઓરડીમાંથી તેમજ ફ્રીજમાંથી તે રીતે ત્રણ જગ્યાએથી વનસ્પતીજન્ય લીલો પદાર્થ મળી આવ્યાની હકીકત જણાવે છે. જયારે અન્ય સાહેદ તથા ત.ક.અ.શ્રી માત્ર ફ્રીજમાંથી વનસ્પતીજન્ય લીલો પદાર્થ મળી આવ્યાની હકીકત જણાવે છે. આમ, મુદામાલ મળી આવવાની મહત્વની હકીકત સંદર્ભે મુળમાં અસર કરે તે રીતનો મહત્વનો વિરોધાભાસ પોલીસ સાહેદોની જુબાનીમાં જણાઇ આવે છે.

(૧૦) વધુમાં કેટલી કોથળીમાં કઇ રીતે વાંધાજનક લીલી વનસ્પતીજન્ય મુદામાલ મળી આવેલ તે બાબતે પણ ફરીયાદી આંક–૭ ના જણાવ્યા મુજબ ફ્રીજ

માંથી ૧૨ કે ૧૪ કોથળીઓ મળી આવેલ તેમજ અન્ય જગ્યાએથી પણ મળી આવેલ કોથળીઓ મળી કુલ ૧૬ કોથળીઓ મળી આવેલ. સાહેદ –આંક ૨૫ ની જુબાની મુજબ ફ્રીજમાં બે કોથળીઓ હતી જેમાંથી ૧ કોથળીમાં ૧૪ નાની કોથળીઓ મળી આવેલ અને તે રીતે કુલ ૧૬ કોથળીઓ મળી આવેલાનું જણાવે છે. ત.ક.અ. ની આંક –૩૯ ની જુબાની ધ્યાને લેતા તેમના જણાવ્યા મુજબ ફ્રીજમાં બે પ્લાસ્ટીકની કોથળી હતી જે પૈકી એક કોથળીમાં ૧૬ નાની કોથળીઓમા લીલા વનસ્પતીજન્ય પદાર્થવાળી તેમજ બીજી કોથળીમા ૧૪ નાની નાની કોથળીમાં લીલા કલરની વનસ્પતીજન્ય પદાર્થ મળી આવેલ. આમ, ફરીયાદપક્ષના ઉપરોકત પોલીસ સાહેદો જે રેડીંગ પાર્ટીના સભ્ય હતા, અને સ્થળ પર હાજર હોવાનું જણાવે છે તે તમામની જુબાનીમાં માદક લીલી વનસ્પતીજન્ય પદાર્થ ભરેલી કોથળીઓની સંખ્યા બાબતે અને કઇ રીતે, કઇ સંખ્યામાં કોથળીઓ મળી આવેલ તે બાબતે મહત્વનો વિરોધાભાસ જણાઇ આવે છે.આમ, સદરહુ પોલીસ સાહેદોની જુબાની મકાનની અંદર કઇ જગ્યાએથી વાંધાજનક મુદામાલ મળી આવેલ તે બાબતે તેમજ કઇ રીતે કઇ સંખ્યામાં કેટલી કોથળીમાં વાંધાજનક મુદામાલ મળી આવેલ તેવી મહત્વની બાબતોમાં મુળમાં અસર કરે તેવો મહત્વનો વિરોધાભાસ ધરાવતી હોય, ફરીયાદપક્ષના કેસ પર ગંભીર શંકા ઉપજાવે છે.

**(૧૧)** આ કામે ફરીયાદપક્ષની રેડીંગ પાર્ટી દ્વારા પંચો રુબરુ વાંધાજનક મુદામાલ કબજે કર્યાની આક્ષેપીત હકીકત સંદર્ભે પંચ સાહેદ આંક –૧૧ ની જુબાની ધ્યાને લેતાં, તેમનાં જણાવ્યા મુજબ તેઓને બે વર્ષ પહેલા પોલીસ સ્ટેશને બોલાવેલા અને ત્યારબાદ તેમની સાથે અન્ય વ્યકિત હમીદભાઇ પણ સાથે હતા અને તેઓને બંનેને પોલીસ સ્ટેશનથી સરકારી ગાડીમાં બેસાડી પોલીસના ચાર પાંચ સાહેબો સાથે આરોપીના ઘરે લઇ ગયેલા. તેના ઘરે જઇને પંચસાહેદની હાજરીમાં ઘરમાં રહેલી તીજોરી, ગાદલા, કબાટ, વાસણો વિગેરે વસ્તુઓની પોલીસે શોધખોળ કરેલી. તે વખતે કોઇ ચીજવસ્તુઓ મળી આવેલ નહી. ત્યારબાદ અમે પોલીસ સ્ટેશને પરત આવેલા અને તે વખતે પોલીસવાળાએ પોલીસ સ્ટેશનની અંદર એક પ્લાસ્ટીકનો ડબ્બો બતાવેલો. જેમાં પ્લાસ્ટીકની પડીકીઓ હતી. જે પોલીસે આરોપીના ઘરેથી લઇ આવેલા છે તેવુ જણાવેલ અને તેની અંદર શું હતુ તેની તેમને ખબર નથી. તે દશેક પડીકીઓ હતી. સદરહુ સાહેદ તેમની આરોપી તરફેની ઉલટતપાસમા જણાવે છે કે તેમની હાજરીમાં આરોપીના ઘરમાંથી કોઇ વનસ્પતીજન્ય મુદમાલ પકડેલ નહી. તે જ રીતે પંચસાહેદ આંક –૧૮ ની જુબાની

ધ્યાને લેતા તેઓના જણાવ્યા મુજબ પોલીસે તેમને દોઢેક વર્ષ અગાઉ પોલીસ સ્ટેશનમાં બોલાવેલ અને તે વખતે સાથે મુસ્તફાભાઈ તલાટ પણ હતા. જયાં સી.ઓ. સાહેબે કહેલ કે રૈયાપુર બાજુ માલ પકડાયેલ હોય ત્યાં સહી કરવાનુ જવાનુ છે. જેથી તેઓ એક મકાનમાં ગયેલ અને પોલીસે તેમની હાજરીમાં મકાનની અંદર રાખેલાં કબાટ અને સામાન ચેક કરેલ. પોલીસને તપાસ દરમ્યાન સલીમભાઈના ઘરમાંથી પ્લાસ્ટીકના ઝબલામાંથી માલ મળેલ. જે માલ પોલીસે તેઓને પોલીસ સ્ટેશને જઈને બતાવેલ. પોલીસે જગ્યા પર પંચનામુ કરેલ અને સહી લીધેલ. તેમની હાજરીમાં પોલીસે કોઈ ઠરાવ કરેલ નહી કે આરોપીને સમજ કરી આરોપીની સહી લીધેલ હોય તેવુ બનેલ નહી. સદરહુ સાહેદ આરોપી તરફેની ઉલટતપાસમાં જણાવે છે કે કબજે કરવામાં આવેલ મુદામાલ પોલીસે તેમને પોલીસ સ્ટેશનમાં બતાવેલ. વધુમાં જણાવેલ છે કે પોલીસે તેમની હાજરીમાં આરોપીના ઘરેથી પ્લાસ્ટીકની થેલી અને ડબ્બા લીધેલ હતા પરંતુ તેમાં શુ હતુ તે બતાવેલ નહી અને પોલીસ સ્ટેશનમાં લઈ ગયા બાદ ડબ્બામાં રહેલ વસ્તુઓ બતાવેલ. આમ ઉપરોકત પંચસાહેદોની જુબાની ધ્યાને લેતા, ફરીયાદપક્ષના કેસ તેમજ ઉપરોકત પોલીસ સાહેદોની જુબાનીથી તદન વિરોધાભાસી હકીકતો જણાવે છે. વધુમાં પંચસાહેદોની જુબાની પરથી વાંધાજનક મુદામાલ આરોપીના ઘરેથી પંચ સાહેદોની હાજરીમાં મળી આવેલ હોય તેવી કોઈ હકીકત આવતી નથી. વધુમાં પંચોને આરોપીના ઘરે ઝડતી માટે લઈ ગયેલ હોવા છતાં કહેવાતો વાંધાજનક મુદામાલ પંચ સાહેદોને આરોપીના ઘરે બતાવેલ નથી પરંતુ પોલીસ ઓથોરીટી દ્વારા સદરહુ પંચસાહેદોનું પોલીસ સ્ટેશને બોલાવ્યા બાદ મુદામાલ બતાવવામાં આવેલાની હકીકત તેમજ સદરહુ મુદામાલ ડબ્બામાં બતાવેલ હોવાની હકીકત ફરીયાદપક્ષના કેસને મુળમાં અસર કરે તેવી ગંભીર શંકા ઉત્પન્ન કરે છે.

**(૧૨)** આ કામે ફરીયાદપક્ષના રેડીંગ પાર્ટીના સાહેદ તથા ફરીયાદી તથા ત.ક.અ.શ્રીની જુબાની સંદર્ભે ફરીયાદી આંક –૦૭ ના જણાવ્યા મુજબ આક્ષેપિત મળી આવેલ વનસ્પતીજન્ય માદક પદાર્થનુ વજન કરવાનુ હોય અનીલભાઈ સોનીને વજનકાંટા સાથે આરોપીના ઘરે બોલાવી લાવેલા અને તેમણે તેની સાથે લાવેલ બેટરી સંચાલીત ઈલેકટ્રીક વજનકાંટાથી મળી આવેલ માદક પદાર્થનુ વજન કરેલુ. પોલીસ સાહેદ આંક –૨૫ ના જણાવ્યા મુજબ વજનકાંટા વાળા અનીલભાઈ સોનીએ પંચો રુબરુ આરોપીના ઘરે પોતાની ઓળખાણ આપી માદક પદાર્થનુ ડીજીટલ કાંટાથી વજન કરેલ. તે જ રીતે ત.ક.અ.શ્રી રેડીંગ પાર્ટીના સભ્ય આંક –

૩૯ ની જુબાની અંગે આરોપીના ઘરે પો.કો. પોતાની સાથે સોની અનીલભાઇને વજનકાંટા સાથે લઇ આવેલ અને તેમને ડીજીટલ વજનકાંટાથી માદક પદાર્થ ગાંજાનું વજન કરેલ. આ ત્રણેય રેડીંગ પાર્ટીના સભ્યોની જુબાની સંદર્ભે આંક –૨૯ વાળા સાહેદ અનીલકુમાર સોનીની જુબાની ધ્યાને લેતા તેમના જણાવ્યા મુજબ તેઓ દોઢેક વર્ષ પહેલા દુકાને આવેલ હતા. તે વખતે એક પોલીસ વાળા ભાઇ આવેલ અને મને કહેલ કે વજનકાંટાની જરુર છે જેથી તેઓ તેમની સાથે વજનકાંટો લઇ પોલીસ સ્ટેશને ગયેલા. જયાં પોલીસે તેમનો વજનકાંટો જમા રાખેલો અને બીજા દીવસે તેઓને બોલાવીને વજનકાંટો પાછો આપેલો અને એક કાગળમા સહી કરેલી. વધુમાં જણાવે છે કે તે દીવસે તેમની હાજરીમાં કોઇ ચીજવસ્તુનુ તેમના વજનકાંટાથી વજન કરેલ તેવુ બનેલુ નહી અને તે અંગે તેઓએ પ્રમાણપત્ર આપેલુ હોય તેવુ પણ બનેલુ નહી. ઉલટતપાસમા જણાવે છે કે તેમની હાજરીમાં કોઇ ચીજવસ્તુ કબજે કરેલ હોય કે વજન કરેલ હોય તેવુ બનેલ નથી તેમજ તેઓ પોલીસ સ્ટેશને ગયેલ ત્યારે પોલીસના માણસો સીવાય કોઇ હાજર ન હતુ તેમજ પોલીસના કહેવાથી પ્રમાણપત્રમાં સહી કરી આપેલી. આમ, સદરહુ સાહેદની જુબાની પરથી કહેવાતો મુદામાલ આરોપીના ઘરેથી મળી આવ્યા બાદ તે જ જગ્યાએ સદરહુ મુદામાલનુ વજન કરવા બાબતની ફરીયાદપક્ષની હકીકત પર ગંભીર શંકા ઉત્પન્ન થાય છે.

**(૧૩)** ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવા આંક ૨૬, આંક ૨૭ અને આંક ૨૮ થી તપાસેલ સાહેદો ફરીયાદપક્ષની હકીકતને સમર્થન કરતા નથી. તેમજ ફરીયાદપક્ષ જણાવે છે તેવી આરોપી ગાંજાના વ્યસની હોય તેમજ ચોરી છુપીથી વેચાણ કરતા હોય તેવી કોઇ હકીકતને સમર્થન કરતા નથી. આમ, સ્વતંત્ર સાહેદો ફરીયાદપક્ષને સમર્થન કરતા ન હોય ફરીયાદપક્ષના કેસ પર ગંભીર શંકા ઉત્પન્ન થાય છે.

**(૧૪)** આંક –૩૪ વાળા સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે આરોપીને તેમનુ મકાન તેમના પતિએ ભાડે આપેલ હતુ અને આરોપીએ આ મકાન બે વર્ષ પહેલા ખાલી કરી દીધેલ છે. આરોપી તેમના મકાનમાં રહેતા હતા ત્યારે પોલીસ આવેલી તેવુ તેઓએ જાણેલ.તેમના પતિ અવશાન પામેલ છે . પોલીસ કેમ આવેલી તેની તેમને માહીતી નથી. આમ સદરહુ સાહેદની જુબાની પરથી બનાવવાળુ મકાન સદરહુ સાહેદના પતિની માલીકીનુ હતુ અને આરોપીને તેમના પતિએ ભાડે આપેલ. આમ સદરહુ બનાવવાળા મકાન પર આરોપીનો, સાહેદનો તેમજ સાહેદના પતિનો

કંટ્રોલ હતો તેવી હકીકતો આવે છે.

(૧૫) આ કામે ઉપરોકત ફરીયાદી આંક–૭, પોલીસ સાહેદ આંક–૨૫ , ત.ક.અ.શ્રી આંક–૩૯ તથા ત.ક.અ.શ્રી આંક– ૫૧ ની જુબાની ધ્યાને લેતા, સદરહુ કહેવાતો મુદામાલ આરોપીનાં ઘરેથી પકડયા બાદ પોલીસ સ્ટેશનમાં કઇ જગ્યાએ રાખેલો, પોલીસ સ્ટેશનમાં મુદામાલ રૂમમાં રાખેલ હોય તો તે અંગેની હકીકત તેમજ આવો મુદામાલ મુદામાલરૂમમાં લીધેલ સેમ્પલ સહીત રાખ્યા બાદ આવા સેમ્પલને સેમ્પલ શીલ સહીત લેબોરેટરીમાં સેમ્પલને સેમ્પલના શીલ સાથે કમ્પેર કરવા તેમજ કબજે કર્યા બાદ તાત્કાલીક તે જ જગ્યાએ તે જ શીલ કરેલ તે અંગેના પુરાવા માટે સદરહુ સાહેદો કોઇ સ્પષ્ટ હકીકત જણાવતા નથી. વધુમાં ફરીયાદપક્ષે આવા મુદામાલને મુદામાલરૂમમાં રાખવા સંદર્ભે તેમજ તે મુદામાલને લેબોરેટરીમાં કોણ લઇ ગયેલ તે સંદર્ભે કહેવાતા મુદામાલ રૂમનુ રજીસ્ટર આ કામે રજુ કરેલ નથી કે તે અંગે કોઇ સ્પષ્ટ નિશંક પુરાવો આપેલ નથી. તેમજ શીલના કમ્પેરીજન માટે શીલનુ સેમ્પલ મોકલેલ હોય તેવો પણ કોઈ સ્પષ્ટ પુરાવો ફરીયાદપક્ષે આવતો નથી. તે સંજોગોમાં નામદાર શ્રી સુપ્રિમ કોર્ટના ચુકાદા **State of Rajasthan Vs. Gurmail singh** 2005(1) 468 (**S.C.**):2005(2) **Criminal Court Cases** 59 (**S.C.**): 2005 (0) **AIJEL –SC** 29473 માં કરાયેલ અવલોકન ધ્યાને લેતા પણ ફરીયાદપક્ષના કેસ પર ગંભીર શંકા ઉત્પન્ન થાય છે.

(૧૬) આ કામે ફરીયાદી, રેડીંગ પાર્ટીના પોલીસ સાહેદ તેમજ ત.ક.અ.શ્રીની જુબાની ધ્યાને લેતા, રેડીંગ પાર્ટી આરોપીના ઘરે પહોંચ્યા બાદ ત.ક..અ.શ્રીએ આરોપીને પુછેલ કે તેમના ઘરની ઝડતી કરવાની હોય આરોપી તેઓની પાસે અથવા બીજા કોઇ ગેઝેટેડ ઓફીસર કે મેજીસ્ટ્રેટ રુબરુ ઝડતી કરાવવા માંગે છે? તેવુ પુછતા આરોપીએ બીજાની રુબરુ ઝડતી કરાવવાની ના પાડતા ત.ક.અ.શ્રીએ ઠરાવ કરી ઝડતી શરુ કરેલ. આમ, પોલીસ સાહેદોની જુબાની પરથી જે આરોપીના કબજામાં વાંધાજનક મુદામાલ હોવાની બાતમી મળેલ તે આરોપીને પોલીસ ઓફીસર રુબરુ ઝડતી કરાવવાનો ઓપ્શન આપી ઝડતી કરેલ જે પોલીસ ઓફીસર રુબરુ ઝડતી કરવામાં આપવામાં આવેલ ઓપ્શન કાયદાની કલમ ૫૦ ની મેન્ડેટરી જોગવાઇનો ભંગ કરવા સમાન હોય નામદાર શ્રી સુપ્રિમ કોર્ટના ચુકાદા **State Of Himachal Pradesh Vs. Surat Singh** 2026 **LIVE LAW** (**SC**) **246** ના ચુકાદામાં પેરા–૧૮ માં કરેલ

અવલોકન મુજબ ફરીયાદપક્ષનો કેસ કાયદાની મેન્ડેટરી જોગવાઇનો ભંગ કરતો હોય, ફરીયાદપક્ષના કેસ પર ગંભીર શંકા ઉત્પન્ન થાય છે.

**(૧૭)** આમ ઉપરોકત ફરીયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતા ફરીયાદપક્ષના ફરીયાદી, પોલીસ રેડીંગ પાર્ટીના સભ્ય તેમજ ત.ક.અ.શ્રીની જુબાનીમાં મુદામાલ મળી આવવાની મકાનની અંદરની ચોકકસ જગ્યા બાબત તેમજ મળી આવેલ મુદામાલની કોથળીઓની સંખ્યા બાબત તેમજ કઇ રીતે કોથળીઓ મળી આવેલ તે બાબતે ગંભીર વિરોધાભાસ ઉત્પન્ન થતો હોય જે ફરીયાદપક્ષના મહત્વના આક્ષેપોમાં મુળમાં અસર કરતો હોય તેમજ આગળ જણાવ્યા તે મુજબ પંચોની જુબાની પરથી કહેવાતો મુદામાલ આરોપીના કબજામાંથી મળી આવેલ હોવાની હકીકત સંદર્ભે ગંભીર શંકા ઉત્પન્ન કરતા હોય તેમજ મળી આવેલ મુદામાલ સંદર્ભે આરોપીના ઘરે જગ્યા પર વજન કર્યા બાબતે ફરીયાદપક્ષનો પુરાવો ગંભીર શંકા ઉત્પન્ન કરતો હોય તેમજ ઉપર અગાઉ જણાવ્યા તે મુજબ કહેવાતો મુદામાલ મુદામાલ રૂમમાં રાખવા બાબત તેમજ મુદામાલ રૂમમાંથી એફ.એસ.એલ.માં સેમ્પલ મોકલવા બાબત તેમજ શીલના કમ્પેરીજન બાબત ફરીયાદપક્ષનો પુરાવો અપુરતો અને અસ્પષ્ટ હોય ફરીયાદપક્ષના કેસ પર ગંભીર શંકા ઉત્પન્ન થતી હોય, ફરીયાદપક્ષના કેસને સ્વતંત્ર સાહેદોનુ સમર્થન મળતુ ન હોય તેમજ ફરીયાદપક્ષના કેસની હકીકતો મુજબ કાયદાની મેન્ડેટરી જોગવાઇની કલમ ૫૦ નો ભંગ થતો હોય ફરીયાદપક્ષ પોતાનો કેસ નિશંકપણે પુરવાર કરી શકતો ન હોય, આરોપીને શંકાનો લાભ આપવો વ્યાજબી જણાતો હોય મુદા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદા નં. ૨ અંગે ન્યાયના હીતમા નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

**(૧)** આ કામના આરોપી સલીમભાઈ ઉર્ફે કાળુ અકબરભાઈ ઉર્ફે બાબરી સીપાઈ ને તેઓની સામેના એન.ડી.પી.એસ એકટ -૧૯૮૫ ની કલમ ૮(સી), ૨૦(બી) મુજબના ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપીએ અપીલ સમય સુધીના જામીન સીઆરપીસી કલમ-૪૩૭-એ મુજબના રજુ કરવા વિકલ્પે હાલના જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવા.

(૩) મુદામાલનો અપીલ સમય વીત્યે નીયમ મુજબ નાશ કરવો.

ચુકાદો આજ તા.૦૨, માહે જુલાઈ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ.વિરમગામ.

તારીખ : ૦૨–૭–૨૦૨૬.

**(ધનંજય જગદિશચંદ્ર વ્યાસ)**
એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
વિરમગામ. GJ 01263